# Bhakta Kavi Narsinh Mehta University, Junagadh

## Inviting E-tender Notice for Stationery/Consumables Items (For 2 Year) Tender Notice No. 13/2024 (Tender id : 132817)

Tender Fee : Rs. : 1,500 /- (D.D.)
E.M.D. : Rs. : 60,000 /- (D.D.)

In favour of the **Registrar, Bhakta Kavi Narsinh Mehta University, Junagadh,** for the values as mention above as tender fee (non-refundable in any case)

**Tenders to be submitted at :**

**Registrar,**
**Bhakta Kavi Narsinh Mehta University,**
**Government Polytechnic Campus,**
**Bhakta Kavi Narsinh Mehta University Road,**
**Khadia,Junagadh – 362 263**

**Commencement of tender** **:** 02/12/2024
**Last date of Online Submission** : 23/12/2024

# :: ટેન્ડર અનુક્રમણિકા ::


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | ટેન્ડરની વિગત | 03 |
| ૨. | ટેન્ડર શિડયુલ | 04 |
| ૩. | સ્ટેશનરી સપ્લાયના ટેન્ડર માટેની સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ (પરિશિષ્ટ–૧) | 05 |
| ૪. | ટેન્ડરર તરીકેની લાયકાત/આવશ્યક લાયકાત અને ટેન્ડર અંગેના અધિકાર (પરિશિષ્ટ–૨) | 06-09 |
| ૫. | અન્ય શરતો | 10-11 |
| ૬. | ટેન્ડરરની ટેકનીકલ લાયકાતના ફોર્મ (પરિશિષ્ટ–૩) | 12-13 |
| ૭. | સ્ટેશનરી આઈટમો સપ્લાય કરવાના ભાવ પત્રક (પરિશિષ્ટ–૪) | 14-18 |
| ૮. | બાંહેધરી પત્રક | 19 |
| ૯ | ચેક લીસ્ટ | 20 |

# :: ટેન્ડરની વિગત ::

| કામનું નામ | |
|---|---|
| | ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ મુખ્ય  મથકે સ્ટેશનરી/કન્ઝયુમેબલ્સ આઈટમો વાર્ષિક ધોરણે પૂરા પાડવા અંગે. |
| **કામનું સરનામુ** | |
| | ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સરકારી પોલિટેકનિક કેમ્પસ,<br>ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, જૂનાગઢ – ૩૬૨ ૨૬૩ |
| **કામની રકમ (અંદાજીત)** | |
| | રૂા : ૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂા વીસ લાખ પુરા ) |
| **કામગીરીનો સમયગાળો** | |
| | નિમણૂંક થનાર એજન્સી સાથે કરારમાં દર્શીત નિમણૂંક તારીખથી ૨(બે) વર્ષ સુધી. ત્યારબાદ મહત્તમ એક વર્ષના સમયગાળા સુધી પરસ્પર સંમતિથી કરાર લંબાવી શકાશે.<br>(કમિટીની ભલામણ અને માનનિય કુલપતિશ્રીની મંજુરીને આધિન) |
| **અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD)** | |
| | રૂા.૬૦,૦૦૦/–  (ટેન્ડરની કુલ અંદાજીત કિંમતના ૩% પ્રમાણે) |
| **સિકયુરીટી ડિપોઝીટ (SD)** | |
| | રૂા ૧,૦૦,૦૦૦/–  (ટેન્ડરની કુલ અંદાજીત કિંમતના ૫% પ્રમાણે) |

# :: Tender Schedule ::

(Supply of Various Stationery Items)

| | | |
|---|---|---|
| 1 | Tender No | TENDER NO. 13/2024 |
| 2 | Availability of tender | On web site https://tender.nprocure.com |
| 3 | Date and Time of Downloading of tender documents | 02/12/2024 at 11.00 am |
| 4 | Last Date and Time of online submission of offer form / price bid | 23/12/2024 Before 6.00 PM |
| 5 | Physical submission of Tender fee (Non refundable), EMD, Technical Bid and other required documents etc. (in hard copy) | 27/12/2024 Before 6.00 PM |
| 6 | Opening of Technical Bid & physical verification of submitted documents | 28/12/2024 |
| 7 | Opening of Financial Bid (online) | Time: Will be announced after the Technical Bid Opening |

# પરિશિષ્ટ–૧

## :: સ્ટેશનરી સપ્લાયના ટેન્ડર માટેની સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ ::

| | |
|---|---|
| **યુનિવર્સિટી અંગે માહિતી :** | |
| ➢ | ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત સંસ્થા છે. આ યુનિવર્સિટીને તેઓના મુખ્ય મથક ખાતે વિવિધ સ્ટેશનરી–કન્ઝ્યુમેબલ્સ આઈટમો વાર્ષિક ધોરણે જે–તે આઈટમ સામે નકકી થનાર દરે પૂરી પાડવાની છે. |
| **ટેન્ડરનો સમયગાળો :** | |
| ➢ | આ સેવાઓનો સમયગાળો નિમણૂંક માટેની નિયત થયેલ તારીખથી ર(બે) વર્ષનો રહેશે. ત્યારબાદ યુનિવર્સિટીના નિયત સમિતિના નિર્ણયાનુસાર તથા બંને પાર્ટીની પરસ્પર સંમિતિને આધિન આ સેવાઓનો સમયગાળો મહત્તમ એક વર્ષ સુધી લંબાવી શકાશે. |
| **સામાન્ય શરતો અને સૂચનાઓ :** | |
| ➢ | ટેન્ડરરે ટેન્ડર ભરતાં પૂર્વે ટેન્ડરના તમામ શિડયુલસ, શરતો અને ટેન્ડર સામે પૂરા પાડવાની આઈટમોની વિગત,બ્રાન્ડ, જથ્થા વગેરે જોઈ તપાસી લેવાના રહેશે. |
| ➢ | સંસ્થાને લાગુ પડતાં તમામ કાયદાઓનું ટેન્ડરરે પાલન કરવાનું રહેશે. |
| ➢ | ટેન્ડર કાર્યવાહી દરમ્યાન ટેન્ડરરના નામ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહિ. |
| ➢ | યુનિવર્સિટીને સદર ટેન્ડર પ્રક્રિયા સમગ્રપણે ગમે ત્યારે રદ્ કરવાનો અબાધિત અધિકાર છે. જે અંગે ટેન્ડરર કોઈપણ પ્રકારનો વાંધો લઈ શકશે નહિ. |
| ➢ | ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો અને સૂચનાઓ, બોલીઓ વગેરે ટેન્ડરર અને યુનિવર્સિટી વચ્ચે થનાર કરાર અને સેવાઓનો જ ભાગ ગણાશે. |
| ➢ | ટેન્ડરની તમામ શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ, અસ્વિકૃતિ, નિયમોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે. |

# પરિશિષ્ટ–૨

## :: ટેન્ડરર તરીકેની લાયકાત/આવશ્યક લાયકાત અને ટેન્ડર અંગેનાં અધિકાર ::

| | |
|---|---|
| (1) | આ કામના ટેન્ડર ભરનાર ઈચ્છુક ટેન્ડરરને સ્ટેશનરી–કન્ઝયુમેબલ્સ વેચાણનો ઓછામાં ઓછા ૦૫ વર્ષનો અનુભવ સાથે સ્ટેશનરી વેચાણ કરવા માટે સરકારશ્રીમાં કાયદેસર રીતે નોંધાયેલ એજન્સી, કંપની, સંસ્થા, મલ્ટી સ્ટોર્સ એકટ હેઠળ નોંધાયેલ એજન્સી કે સહકારી મંડળી હોવી ફરજીયાત છે. |
| (2) | ટેન્ડરર Shops and Establishment એકટ હેઠળ સ્ટેશનરી–કન્ઝયુમેબલ્સ આઈટમો વેચાણ અને સપ્લાય કરવાના હેડ હેઠળ નોંધાયેલ હોવા જોઈએ. જો તે હેડમાં નોંધાયેલ નહી હોય તો ટેન્ડર રદ્ બાતલ ગણવામાં આવશે. |
| (3) | ટેન્ડરર પાસે આ પ્રકારની કામગીરી અંગેના વ્યવસ્થાતંત્ર જણાવવાનુ રહેશે. |
| (4) | આ પ્રકારના કામના બિન અનુભવી એજન્સી, સંસ્થા, કંપની કે સહકારી મંડળી તરફથી ભરવામાં આવેલના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ. |
| (5) | ટેન્ડરરનું છેલ્લા ત્રણ નાણાકીય વર્ષનુ કુલ ટર્ન ઓવર ૨૦,૦૦,૦૦૦/– (વીસ લાખનું) અને તેમાં દરેક નાણાંકીય વર્ષનુ લઘુતમ ટર્ન ઓવર ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખનું) હોવુ ફરજીયાત છે. જે માટે ચાર્ટડ એકાઉન્ટ દ્વારા પ્રમાણીત કરેલ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના વાર્ષિક હિસાબ અને કુલ ટર્નઓવરના અલગ પ્રમાણપત્ર એમ બન્ને વિગત અચૂક જોડવાની રહેશે. સદર નાણાંકીય પૂર્તતા થતી હોય તેવા ટેન્ડરર ટેન્ડર ભરવા માટે લાયક રહેશે. |
| (6) | ટેન્ડરર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત સરકાર અથવા કેન્દ્ર સરકારમાં અથવા કોઈ અર્ધ સરકારી કચેરીમાં રૂા. ૧.૦૦ લાખની સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તેવા ત્રણ કામ અથવા ૨.૦૦ લાખની સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તેવા બે કામ અથવા ૩.૦૦ લાખની સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તેવું એક કામ કરેલ હોવા જોઈએ. જેના આધાર પુરાવા ખરી નકલ સાથે રજુ કરવા. **(આ અંગેની વિગત ટેકનીકલ બીડ પરિશિષ્ટ–૦૩ માં પેજનં–૧૩ ઉપર દર્શાવવાની રહેશે.)** |
| (7) | ટેન્ડરર પાસે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટનો નોંધણી ક્રમાંક, આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબર(PAN No), GST No. વગેરે લાગુ પડતુ સર્વ અવશ્ય ધરાવતાં હોવા જોઈએ. |
| (8) | ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ કરેલા હોવો જોઈએ તથા પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. તે રીતે ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ કે સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેના બંધારણ અને પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. |
| (9) | સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૯૫૬ અથવા ચેરીટેબલ ટ્રસ્ટ એકટ ૧૯૨૦ અન્વયે રજીસ્ટર્ડ થયેલ સંસ્થા/પેઢી /ટ્રસ્ટ/સહકારી મંડળી, મલ્ટી સ્ટોર્સ સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ એજન્સી તથા કાયદેસરની ભાગીદારી/પ્રોપરાઈટરી કંપની કે જેની પાસે સ્ટેશનરી સપ્લાય કરવા માટે કાયદેસરના જરૂરી નોંધણી, લાયસન્સ હોવા આવશ્યક છે. |
| (10) | ટેન્ડરરે રજીસ્ટ્રેશન પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે, તેઓ નાણાંકીય રીતે ડિફોલ્ટર નથી, બ્લેક લીસ્ટ થયેલ નથી, પોલીસ કે કોર્ટ રેકર્ડ ઉપર કેસ નથી તે અંગેના બાહેંધરી પત્રક રૂા.૩૦૦/– મૂલ્યના નોન જ્યુડિશીયલ સ્ટેમ્પ ઉપર આપવાના રહેશે. |
| (11) | ટેકનીકલ પૂર્તતા ધરાવનાર ટેન્ડરરો ફાઈનાન્સીયલ બીડની સ્પર્ધા માટે લાયક ગણવામાં આવશે. |
| (12) | ટેન્ડરરે પોતે માલિકી/ભાગીદારી પેઢી/પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાની રહેશે. તે સિવાય રજૂ કરેલ ટેન્ડર ફોર્મ માન્ય રહેશે નહિ. વધુમાં, ટ્રસ્ટ/સહકારી મંડળી, મલ્ટી સ્ટોર્સ એકટ હેઠળ નોંધાયેલ એજન્સીના કિસ્સામાં પણ આ વિગત અચૂક રજૂ કરવાની રહેશે. |
| (13) | ટેન્ડરરે છેલ્લા પાંચ વર્ષમાં સરકારી,અર્ધ સરકારી કચેરીઓ,નિગમો,બોર્ડ, કોર્પોરેશન,યુનિવર્સિટીઓ, રાષ્ટ્રીયકૃત બેંકો અને સરકારી જાહેર સાહસો પૈકી કોઈપણ પણ એક સંસ્થામાં સળંગ એક વર્ષ કે વધુ સમય માટે સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તે સંસ્થાનો વર્ક ઓર્ડર અવશ્ય બિડાણ કરવાનો રહેશે.**(આ અંગેની વિગત ટેકનીકલ બીડ પરિશિષ્ટ–૦૩માં પેજ નં – ૧૩ ઉપર દર્શાવવાની છે જેમાં છેલ્લા પાંચ વર્ષ સપ્લાય કરેલની વિગત આપવી જેમાંથી કોઈપણ એક સંસ્થાનો(આ યુનિવર્સિટી સિવાય) વર્ક ઓર્ડર બીડવાનો રહેશે.** |
| (14) | ટેન્ડરર એજન્સી/કંપનીના સરનામાં/સંપર્ક નંબરમા ફેરફાર થવાના કિસ્સામાં તેમજ ભાગીદારોના ફેરફારના કિસ્સામાં લેટરપેડ ઉપર યુનિવર્સિટીને તાત્કાલીક લેખીતમાં જાણ કરવાની રહેશે. |
| **ટેન્ડર અંગેનો અધિકાર** | |
| (1) | યુનિવર્સિટીને ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો,બોલીઓમાં સંજોગોને આધિન કોઈપણ શરત/શરતો ઉમેરવાનો કે કમી કરવાનો અબાધિત અધિકાર રહેશે. |
| (2) | પ્રાથમિક તબક્કે તમામ આઈટમોને ઘ્યાને લઈને L1 પાર્ટી નકકી કરાશે, પરંતુ વધુ પડતી આઈટમમાં ભાવમાં ફેરફાર જણાશે તો વસ્તુ પ્રમાણે L1પાર્ટી નકકી કરવાનો અબાધીત અધિકાર યુનિવર્સિટીનો રહેશે. |

| | | |
|---|---|---|
| **ટેન્ટર ફોર્મ ભરવા અને ઓપનીગ અંગે** | | |
| (1) | ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડર ફોર્મ https://tender.nprocure.com વેબસાઈટ પર ઓનલાઈન ભરવાનું રહેશે. ટેન્ડર ફોર્મ ફી પેટે **રૂા.૧૫૦૦/–ની** રકમનો ડિમાન્ડ ડ્રાફટ**(નોન રીફંડેબલ)** રજીસ્ટ્રાર,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના નામનો બિડાણ કરવાનો રહેશે. ટેન્ડર ફોર્મ ફી સિવાયના ટેન્ડર સ્વીકાર કરવામાં આવશે નહિ. | |
| (2) | ટેન્ડરરે ટેન્ડરની તમામ શરતો કાળજીપૂર્વક વાંચી, સમજીને ટેન્ડર ભરવાના રહેશે. કોઈપણ જાતના શરતી ટેન્ડરો સ્વિકારવામાં આવશે નહિ. | |
| (3) | ટેન્ડર ફોર્મના દરેક પેજ ઉપર ટેન્ડરરના સહી–સિકકા તથા જવાબદારની સહિ સાથે રજૂ કરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ્ ગણવામાં આવશે. | |
| (4) | ટેન્ડર સાથે માંગવામાં આવેલ તમામ દસ્તાવેજો,આધારભૂત કાગળો કેન્દ્ર રાજય સરકારના ગેઝેટેડ અધિકારી/નોટરી/સરકારી શાળા/કોલેજોના આચાર્ય દ્વારા પ્રમાણિત/સ્વ પ્રમાણિત કર્યાના સહિ સિક્કા સાથેની નકલો બિડાણ કરવાની રહેશે.ટેકનિકલ બીડ ઓપન કર્યા બાદ ટેન્ડરરના કોઈપણ દસ્તાવેજ કે રજુઆત સ્વિકારવામાં આવશે નહિ. | |
| (5) | ટેન્ડર ઓપન કર્યા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ટેન્ડર કે ભાવપત્રક પરત ખેંચી શકશે નહિ. જે કોઈપણ ટેન્ડરર તેમ કરશે તો તેઓની અર્નેસ્ટ મની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. | |
| (6) | ટેન્ડર ટુ બીડ સીસ્ટમથી આખરીકરણ કરવાના છે જેથી ટેન્ડરરે નીચે મુજબ સમગ્ર ટેન્ડર રજૂ કરવાના રહેશે. **આ તમામ કવરો તેના મથાળા સાથે ટેન્ડરરના સહી–સિકકા કરી સીલબંધ રજુ કરવાના રહેશે.** | |
| | 6.1 | **પ્રથમ કવર :** ટેન્ડર ફોર્મ ફી મૂકીને "ટેન્ડર ફોર્મ ફી કવર" એમ લખવાનુ રહેશે. |
| | 6.2 | **બીજુ કવર :** ઈ.એમ.ડી. રકમ મૂકીને "ઈ.એમ.ડી."નુ કવર એમ લખવાનુ રહેશે. |
| | 6.3 | **ત્રીજુ કવર :** ટેકનીકલ બીડ પરિશિષ્ટ ભરી તેની સાથેના તમામ દસ્તાવેજો સાથે મૂકીને "ટેકનીકલ બીડનુ કવર" એમ દશા''વવાનુ રહેશે. |
| | 6.4 | **ચોથુ કવર :** કરારનામાંના પરિશિષ્ટ મૂકીને "કરારનામાં પરિશિષ્ટનું કવર" એમ લખવાનુ રહેશે. |
| | 6.5 | ઉપરોકત ક્રમ ૬.૧ થી ૬.૪ ના કવર એક મોટા કવરમાં મૂકીને મોટા અક્ષરે "**સ્ટેશનરી સપ્લાય કરવા અંગેના ટેન્ડર**" તેમ લખી રજૂ કરવાનુ રહેશે. |
| (7) | કોઈપણ ટેન્ડરર તેઓનુ ટેન્ડર નિયત સમયમાં રજૂ કર્યા પછી તેઓના ટેન્ડર ના ખોલવા કે પરત લઈ લેવા માટેની લેખીત કે મૌખીક રજઆત કરશે તો તે માન્ય રહેશે નહિ. જો ટેન્ડરર તેમ કરવા માંગશે તેઓની ઈ.એમ.ડી. રકમ જપ્ત કરવામાં આવશે. | |
| (8) | પ્રથમ યુનિવર્સિટીની નિયત કમિટિ અને ટેન્ડર સામે આવેલ પાર્ટીઓના પ્રતિનિધિ હાજર હોય તો તેઓ સમક્ષ ટેકનિકલ બીડ ખોલવામાં આવશે.જે ટેન્ડરરની ટેકનિકલ લાયકાત યોગ્ય ઠરતી હશે તેવાના જ ભાવપત્રકના કવરો એટલે કે ફાઈનાન્સીયલ બીડ ઓપન કરવામાં આવશે. | |
| **અર્નેસ્ટ મની ડિપોઝીટ(EMD), સિકયુરીટી ડિપોઝીટ અંગે** | | |
| (1) | સંપૂર્ણ વિગતો સાથે ભરેલા ટેન્ડર સાથે **રૂા.** ૬૦,૦૦૦/– અર્નેસ્ટ મની ડિપોઝીટ પેટે કુલ સચિવ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢના નામનો કોઈપણ નેશનલાઈઝ બેન્કનો ડિમાન્ડ ડ્રાફટ બિડવાનો રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટનો ડિમાન્ડ ડ્રાફટ બિડવામાં નહિ આવ્યો હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. | |
| (2) | ટેન્ડર સામેની ટેકનિકલ અને કોર્મશીયલ બીડ સ્પર્ધા બાદ જે પાર્ટીના ભાવ માન્ય થઈ કામગીરી સોંપવાનુ નિયત કરવામાં આવશે તેઓએ સિકયુરીટી ડિપોઝીટ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/– ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢના નામનો કોઈપણ નેશનલાઈઝ બેન્કનો ડિમાન્ડ ડ્રાફટ આપવાનો રહેશે. સિકયુરીટી ડિપોઝીટની રકમ કરારની મુદ્દત પૂર્ણ થયાના એક માસ બાદ કામગીરી સંતોષકારક જણાયે અને વહિવટી વડાના નો ડયુ પ્રમાણપત્ર રજૂ થયે પરત કરવામાં આવશે. સિકયુરીટી ડિપોઝીટ પર કોઈપણ પ્રકારનું વ્યાજ આપવામાં મળવાપાત્ર થશે નહિ. | |
| (3) | જે ટેન્ડરરના ભાવ સ્વિકાર કરવામાં આવશે તે પછીના ક્રમમાં આવતા બે ટેન્ડરર સિવાય અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટમની ડિપોઝીટ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જેમના ભાવો સ્વિકારવામાં આવ્યા છે તેવા અને તે પછીના બે ટેન્ડરરોની અર્નેસ્ટમની ડિપોઝીટ જેમના ભાવો સ્વિકારાયા છે. તે ટેન્ડરર જરૂરી સિકયુરીટી ડિપોઝીટ જમા કરાવી કરારનામું કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે. | |
| **ટેન્ડરના ભાવો અને સમય મર્યાદા અંગે** | | |
| (1) | સ્ટેશનરી સપ્લાય કરવાની વિવિધ વસ્તુઓ સામેના ભાવો પરિશિષ્ટ :૦૪ મુજબ નિયત થયેલા ફોર્મેટમાં ઓનલાઈન ભરવાના રહેશે. | |
| (2) | ટેન્ડરરે તેઓના ભાવ જે–તે વસ્તુ સામે દર્શાવેલ સ્પેશિફીકેશન અને માંગેલ બ્રાંડ માટે ભાવ આપવાના રહેશે. | |

| | |
|---|---|
| (3) | ટેન્ડરરે ટેન્ડરમાં જણાવેલ વિવિધ પ્રકારના કવરો,ઓફિસ ફાઈલ(સાદી),મીટીંગ ફોલ્ડર ઉપર પ્રિન્ટીંગની મેટર, કલર, તેના નમુના અને સ્પેશીફિકેશન વગેરે અચૂક રૂબરૂ જોઈ – તપાસીને ભાવ આપવના રહેશે. |
| (4) | જે–તે વસ્તુ સામે ભરવામાં આવેલ ભાવ તમામ ટેક્ષ/વેરા સાથેના ભરવાના રહેશે. |
| (5) | ટેન્ડર સામે ભરવામાં આવેલા ભાવ વન–ટાઈમના રહેશે.ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવ કરારનામામાં નકકી થયેલ તારીખથી ૨(બે) વર્ષ સુધી માન્ય રહેશે. તેમ છતા જરૂર જણાયે આ કરારનો સમયગાળો મહતમ એક વર્ષ સુધી લંબાવી શકાશે. **આ સમગ્ર સમયગાળા દરમ્યાન નિયત ભાવ ઉપરાંતનો કોઈપણ વધારો આપવામાં આવશે નહિ.** |
| (6) | સ્ટેશનરી વસ્તુઓની ડિલેવરી યુનિવર્સિટીએ નિયત કરેલ સ્થળે કરવાની રહેશે તેમજ ડિલેવરી માટે અલગથી ટ્રાન્સપોર્ટેશન કે મજુરી ખર્ચ મળવાપાત્ર રહેશે નહિ. |
| (7) | પાર્ટી દ્વારા કુરીયર/ટ્રાન્સપોર્ટ/અન્ય માધ્યમ દ્વારા યુનિવર્સિટી કેમ્પસ ખાતે માલ પહોંચાડતા સમયે જો કોઈ વસ્તુને નુકશાન થશે અથવા કોઈ વસ્તુ ગુમ થશે તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત પાર્ટીની રહેશે અને તેનું ચુકવણું યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે નહિ. |
| (8) | ટેન્ડરમાં સમાવિષ્ટ વિવિધ સ્ટેશનરી આઈટમો સામે દર્શાવેલ વાર્ષિક અંદાજીત જરૂરીયાતમાં યુનિવર્સિટી દ્વારા વધારો/ઘટાડો કરી શકાશે. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ વસ્તુ/વસ્તુઓ ખરીદ કરવાની જરૂરીયાત ઉપસ્થિતના થાય તો તેની ખરીદી કરવામાં આવશે નહિ. સમગ્ર વર્ષ દરમ્યાન જરૂરીયાત પ્રમાણે તબક્કાવાર ખરીદી કરવામાં આવશે અને તે કેટલા જથ્થામાં ખરીદવી તેનો અધિકાર યુનિવર્સિટીનો રહેશે. |
| (9) | ટેન્ડર સામે આપવામાં આવેલ ભાવો ટેન્ડર ખોલ્યા તારીખની ૧૮૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ સમય દરમ્યાન ટેન્ડરરે તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહિ. |
| (10) | પાર્ટી દ્વારા રજુ કરવામાં આવેલ બિલનું ચુકવણું યુનિવર્સિટી દ્વારા દિન – ૩૦માં કરવામાં આવશે. |
| (11) | ટેન્ડરર તરફથી મળેલ ચૂકવણાંના બીલમાંથી નિયમોનુસારના TDS કપાત કરી રકમના ચૂકવણાં કરવામાં આવશે. |
| (12) | ટેન્ડરરે યુનિવર્સિટીની જરૂરીયાત/માંગણીના જથ્થા પ્રમાણે સ્ટેશનરી આઈટમ,અત્રેથી સપ્લાય ઓર્ડર આપેથી દિન–૧૫(પંદર)માં પૂરી કરવાની રહેશે. |
| | **:: ટેન્ડરની સ્વિકૃતિ અંગે ::** |
| (1) | ટેન્ડરમાં ભરાઈને આવેલ ભાવ યુનિવર્સિટી દ્વારા મંજુર કર્યાની અને આ સેવાઓ પુરી પાડવા માટેની ટેન્ડરર સંમત છે તે મુજબના લેખીત સંમતિ પત્ર મેળવવા અત્રેથી લેખીતમાં જાણ કરવામાં આવશે.આવી જાણ સામાન્ય રીતે હાથોહાથ, રજી.એડી કે સ્પીડ પોસ્ટ પત્ર રવાના કરી જાણ કરવામાં આવશે.ટપાલથી જાણ કરવામા કિસ્સામાં વિલંબ થાય તેના માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ. |
| (2) | ટેન્ડર પૂરેપુરૂ કે અંશતઃ સ્વિકારવા કે ના સ્વિકારવાનો નિર્ણય લેવાનો યુનિવર્સિટીને અબાધિત અધિકાર રહેશે.શકય હશે ત્યાં સુધી એક જ ટેન્ડરરના ભાવો મંજૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેમ છતા કામગીરીને ધ્યાને લઈને એકથી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો પણ યુનિવર્સિટીને અબાધિત અધિકાર રહેશે. |
| (3) | ટેન્ડરની તમામ બાબતો, કોઈપણ ટેન્ડર મંજૂર/નામંજૂર કરવા માટે યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે. આમાં નીચા ભાવનું ટેન્ડર સ્વિકાર કરવો કે નહિ તેનો પણ સમાવેશ થાય છે. |
| (4) | ટેન્ડર/કરારની કોઈપણ શરતોમાં સુધારા–વધારા કરવા,રદ્ કરવી,ઉમેરો કરવો કે કોઈપણ શરતોના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સતા યુનિવર્સિટીના કુલપતિશ્રીની રહેશે. |
| (5) | ટેન્ડર અંગે કોઈપણ પત્ર વ્યવહાર કે ટેલીફોન કે રૂબરૂ મળીને કે અન્ય કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરનાર પાર્ટીઓનું ટેન્ડર રદ્ કરવામાં આવશે.તેમજ ટેન્ડરર તરીકે બ્લેક લીસ્ટ કરવામાં આવશે. |
| (6) | સ્વીકૃત થયેલા ટેન્ડરરે સ્વખર્ચે યુનિવર્સિટી સાથે રૂા. ૩૦૦/– ના મુલ્યના નોન–જયુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવેલ કરારનામું કરવાનું રહેશે. |
| (7) | યુનિવર્સિટી દ્વારા જે ટેન્ડરરના ટેન્ડર સ્વિકૃત કરવામાં આવશે તે ટેન્ડરર સ્ટેશનરી આઈટમો પુરી પાડવા જવાબદાર રહેશે અને કામગીરી શરૂ કરવા માટેની જે તારીખ નિયત થાય ત્યારથી સેવાઓ પુરી પાડવા માટે બંધાયેલ રહેશે. |
| (8) | કોઈપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર જુનાગઢ રહેશે. |
| **ટેન્ડર કયારે રદ્ બાતલ ગણાશે** | |
| (1) | નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ્ બાતલ ગણાશે. |
| (2) | ટેન્ડર ફોર્મમાં જણાવેલ લઘુતમ લાયકાતો કે કોઈપણ એક લાયકાત નહિ ધરાવનાર કોઈપણ ટેન્ડરર/એજન્સી/ટ્રસ્ટ/સહકારી મંડળી/ભાગીદારી પેઢી,મલ્ટી સ્ટોર્સ સોસાયટી એકટ હેઠળ નોંધાયલી એજન્સી તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ્ બાતલ ગણવામાં આવશે. |
| (3) | ટેન્ડરર દ્વારા ટેન્ડર ફોર્મમાં જણાવવામાં/ભરવામાં આવેલ માહિતી અને બિડાણ કરેલ દસ્તાવેજો કોઈપણ સમયે ખોટા જણાશે તો ટેન્ડરરની સેવાઓ તાત્કાલીક અસરથી રદ્ કરવામાં આવશે.તેમજ સિકયુરીટી ડિપોઝીટ જપ્ત લઈ પાર્ટીને બ્લેક લિસ્ટ જાહેર કરવામાં આવશે. |

| | |
|---|---|
| (4) | કોઈપણ વ્યકિત/વ્યકિતઓ કે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોઈ અથવા આ યુનિવર્સિટીના કર્મચારી હોય તે/તેવાઓની એજન્સી સાથે ભાગીદારી રીતે કે સીધા કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે સંકળાયેલા હોવા જાઈએ નહિ. તેવી કોઈપણ બાબત યુનિવર્સિટીને ધ્યાનપર આવશે તો ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (5) | ઓછી રકમની ઓફર કરનાર, કૃત્રીમ રીતે લોએસ્ટ હોય પણ ટેન્ડરની ટેકનિકલ અને અન્ય શરતો પુર્ણ કરતા ના હોઈ તેવા ટેન્ડર મુળેથી રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (6) | ટેન્ડરની કાર્યવાહી પેહેલા, દરમ્યાન કે આખરીકરણ સમયે કોઈપણ પ્રકારનું રાજકીય,વહિવટી કે અન્ય પ્રકારના અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર કે તેઓ પ્રયત્ન કરનાર એજન્સી/ટ્રસ્ટ/કંપની/સહકારી મંડળી/ભાગીદારીપેઢી ,મલ્ટી સ્ટોર્સ સોસાયટી એકટ હેઠળ નોંધાયલી એજન્સી,ઈસમોના ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (7) | અધુરી,અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં અને શરતી ટેન્ડર ઓફર કરનાર ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (8) | ટેન્ડરમાં જણાવેલ શરતોનું પાલન નહિ કરનાર પાર્ટીનું ટેન્ડર રદ્દ બાતલ ગણાશે. |

**Rejection of Bidder**

If participating bidder/agency have stake in one or more other agencies/ bidders who are participating in same tender and on account of submission of wrong information / declaration in the tender /enquiry certificate/ Appendix, then the bidder will be declared as disqualified automatically and EMD/SD will be forfeited. Further, BKNMU shall take stern action including Stop dealing with their firms.

**Security Deposit**

The EMD will be returned to the successful tenderer after he furnishes the Security Deposit for the tender work. If he fails to furnish the SD, his EMD shall be forfeited and the tenderer will not be allowed to participate in the tenders invited by this office for a period of Three Year in BKNMU-Junagadh

**GST- Clasuse**

Tenders shall be evaluated on firm price and cost with GST and cess is inclusive in the tender documents.

Bidders are requested to the rate with inclusive of GST in given column.

If the supplier/contractor have quoted 'ZERO' GST, in that case liability of GST or any additional GST will have to be borne by the tenderer himself. In no case additional amount toward GST or otherwise will be paid /reimbursed to supplier/contractor.

Every bidder shall have to inform their GST NO of the registered place where from the bidder intends to supply the goods/services ,meaning thereby the bidder has supply the goods/ services from the relevant declared /registered place(s) of supply Only.

**SAMPLE Approval**

The sample approval of the equivalent items is mandatory before execution/delivery of order.

QCI / BIS will be preferred in the delivery of goods/Items other than the brand describe in the tender document. Bidder shall produce all the details of the product/items with the reason for approval of the brand/manufacture other than described in tender.

**MRP CLAUSE**

The price coated shall be not more than MRP of the described product in the above said tender.

Under the Weights and Measures (Packaged Commodities) Rules, all packed goods should carry certain essential information on the contents of the package, such as its weight or volume, the name and address of the manufacturer, the date of manufacture, and in case of food packages, the best before date and, of course, the maximum retail price (MRP)

Under the Consumer Goods (Mandatory Printing of Cost of Production and Maximum Retail Price) Act, 2006, The consumer can not charged over to the maximum price printed on the goods by the manufacturer.

**Unsatisfactory Material/Item/Goods supplied:**

If the Material/Goods/Items is found not supplied as per the requirement or found not satisfactory then BKNMU will take such action to get the work/Supply done through the other agency at agency's risk and cost with 15% supervision charges and same will be recovered from agency.

If BKNMU- Junagadh found the Sub-standard quality of any delivered items, BKNMU has all the rights to cancel/return those items and may charge the penalty towards the same.

If as a result of post payment audit, any overpayment is detected in respect of any work done /Material Supplied by the agency or alleged to have done by the agency under the tender, it shall be recovered by BKNMU- Junagadh from The Agency.

If any repetitive lapses are found in the performance of the agency, BKNMU- Junagadh may terminate the contract without giving any notice period to the agency.

**પરિશિષ્ટ–૩**

# Tender for Supply of Stationery Items
# Technical Bid & Details of suppliers

| No. | Details | Description |
|---|---|---|
| 1. | Name and Address of Company/Trust/Institution/Co-Operative Institution/Agency | |
| 2. | Name and Address of Owner/Trustee/Management/ Partners | |
| | Phone/Fax No. | |
| | Mobile No. | |
| | E-mail ID | |
| | Office/Branch Office Address at Junagadh & Mobile No. with Contact Person Name | |

| No. | Details | Concerned Numbers | Date |
|---|---|---|---|
| 1. | Registration No. if registered under registration or Charitable trust act | | |
| 2. | Registration No. if registered under multi store society act | | |
| 3. | shops and establishment registration certificate as valid stationery sales and supply service | | |
| 4. | PAN NO. | | |
| 5. | GST registration certificate issued by appropriate authority. | | |

- Full Information of last three years financial resources:
  - A) CA certified certificate for turnover of last 3 years
  - B) The applying agency must have total turnover of more than Rs. 5 lacks of last 3 financial years and minimum Rs. 2 Lacks of each financial year.
  - Please provide the details in the following format.

| No. | Year | Total Turnover (Rs.) | Net Profit (Rs.) |
|---|---|---|---|
| 1 | 2020-21 | | |
| 2 | 2021-22 | | |
| 3 | 2022-23 | | |

- Details of current and previous experience for sales and supply of stationery items at Government/semi-Government offices, Universities, Central/state Government Enterprises, Boards, Nationalize Banks, Private/Limited Companies etc.

| No. | Name, Address and Contact No. Of the Offices | Duration | Amount Of Annual Contract |
|---|---|---|---|
| 1. | | | |
| 2. | | | |
| 3. | | | |
| 4. | | | |
| 5. | | | |

- Details Of Tender form fee and EMD

| Tender Processing fee & EMD Details: | | |
|---|---|---|
| | Tender Fees Details | Tender EMD Details |
| DD No. | | |
| Name Of The Bank: | | |
| Amount: | | |
| Date: | | |

I have read all the conditions, concerned laws, required qualification standards and I understand the nature of work to be done before proposing this bid. i agree to follow all the condition as mentioned in the tender.

Place:

Date: Signature & Stamp of Tenderer

| Annexure-4 | | | | |
|---|---|---|---|---|
| Sr. | Item Description | Specification | Company | UOM |
| 1. | Register | 1 QR | Vision | Each |
| 2. | Register | 2 QR | Vision | Each |
| 3. | Register | 3 QR | Vision | Each |
| 4. | Register | 4 QR | Vision | Each |
| 5. | Students Attendance Register | English/Gujarati | Dipak | Each |
| 6. | Muster Roll | 1 QR | Dipak | Each |
| 7. | Muster Roll | 2 QR | Dipak | Each |
| 8. | Book Issu Register | 1 QR | Dipak | Each |
| 9. | Book Issu Register | 2 QR | Dipak | Each |
| 10. | Vehicle log book 100 pages | 80 GSM Ledger Paper With Printing & Canvas Binding as per University Format | Premium Quality | Each |
| 11. | Inward register 100 Pages | 80 GSM Ledger Paper With Printing & Canvas Binding as per University Format | Premium Quality | Each |
| 12. | Outward register 100 pages | 80 GSM Ledger Paper With Printing & Canvas Binding as per University Format | Premium Quality | Each |
| 13. | Peon Book 100 pages | 80 GSM Ledger Paper With Printing & Canvas Binding as per University Format | Premium Quality | Each |
| 14. | Stock Register 100 pages | 80 GSM Ledger Paper With Printing & Canvas Binding as per University Format | Premium Quality | Each |
| 15. | Box File | Regular | AJS/ROYAL | Each |
| 16. | Plastic Report File | A-4 | Benelux | Dozen |
| 17. | Plastic Stick File | A-4 | Benelux | Dozen |
| 18. | Plastic Folder | 11 Holes Sheet Protector with 300 microns Thickness A4 Size | Solo | Packet |
| 19. | Plastic Button Folder | Holder With Clip Type: A4 Size | Benelux | Each |
| 20. | Plastic Button Folder | Holder With Clip Two Pocket Type: A4 Size | Benelux | Each |
| 21. | Plastic Button Folder | Holder With Clip Two inch Gaddar Type: A4 Size | Benelux | Each |
| 22. | Seminar File | Velcro , A4 Size | Premium Quality | Each |
| 23. | Carbon Paper | Blue Multi Color | Kores | Packet |
| 24. | Stamp pad | Multi color Size : 110mm. 2 70mm. | Camlin | Each |
| 25. | Stamp pad | Multi color Size : 160mm. 2 97mm. | Camlin | Each |

| | | | | |
|---|---|---|---|---|
| 26. | Stamp pad<br>Plastic Body | Multi color<br>Size : 110mm. 2 69mm. | Faber-Castell | Each |
| 27. | Stamp Pad Ink | Multi Color, 60 ml Bottle | Kores / Camel | Each |
| 28. | Steel Scale | 12" / 30 cm | Ajanta | Each |
| 29. | Glue Bottle | 50 ml | Pidilite/<br>Fevicol | Each |
| 30. | Glue Bottle | 150 ml | Pidilite/<br>Fevicol | Each |
| 31. | Glue Stick | 15 gm | Fevicol | Each |
| 32. | Glue Stick | 30 gm | Fevicol | Each |
| 33. | Correction Pen | White Ink Pen – 7 ml with Metal Tip | Kores | Each |
| 34. | Highlighter Pen | Yellow Color<br>Number of Pieces 5 | Cello | packet |
| 35. | Punching Machine | Model No: Dp-600 | Kangaroo | Each |
| 36. | Punching Machine | Model No: Dp-800 | Kangaroo | Each |
| 37. | Paper Punch Machine | Model No: HDP-1320 | Kangaroo | Each |
| 38. | Stapler | Staple use: No. 10 | Kangaroo | Each |
| 39. | Stapler | Staple use: No. HP 45 | Kangaroo | Each |
| 40. | Stapler | Staple use: No. HD 23S17 | Kangaroo | Each |
| 41. | Stapler Pin | Box Contain 1000 Pin for No.10 Each Box 20 Packets | Kangaroo | Box |
| 42. | Stapler Pin | Box Contain 1000 Pin for Hp-45 (24/6) | Kangaroo | Box |
| 43. | Stapler Pin | Box Contain<br>23/15, 23/20, 23/24 Size | Kangaroo | Box |
| 44. | Stapler Pin Remover | SR-500 Heavy Duty | Kangaroo | Each |
| 45. | Takani T-pin | Packet of 50 Grams net weight | Elephant | Box |
| 46. | U pins | Plastic Coated U Shape Paper Pin (Size : 28 mm) 100 Pieces in box | Elephant | Box |
| 47. | U pins | Silver Tone Metal U Shape Paper Pin (Size : 26 mm) 100 Pieces in box | Elephant | Box |
| 48. | U pins | Silver Tone Metal U Shape Paper Pin (Size : 35 mm) 100 Pieces in box | Elephant | Box |
| 49. | Paper Weight | Made of Glass | Premium Quality | Each |
| 50. | Bol pen | Multi Color | S. S. Natural | Box |
| 51. | Bol pen | LIQUIBALL | Cello | Box |
| 52. | Bol pen | XO Ball Pen Multi Color | HAUSER GERMANY | Box |
| 53. | Bol pen | ENER GEL PEN BL417 (Multi Color) | PENTEL | Box |
| 54. | Bol pen | Klassy 0.6mm | Goldex | Each |
| 55. | Pencil | Regular Wooden in box of 10 nos. | Apsara/DOMS | Box |
| 56. | Eraser | Non-Dust Type in package of 20 nos. | Apsara/DOMS | Box |
| 57. | Sharpener | in package of 20 nos. | Apsara/DOMS | Box |

| | | | | |
|---|---|---|---|---|
| 58. | Re Stick Promps | Re-Stick Prompts 25mm x 75mm in Four Color | Oddy | Each |
| 59. | Permanent Marker | Multi Color | Camlin/Cello | Box |
| 60. | Permanent Marker Refill | 15 ml Multi Color | Camlin/Cello | Box |
| 61. | Marker Pen (O.H.P.) | Multi Color | Camlin/Cello | Box |
| 62. | White board marker | Multi Color | Camlin/Cello | BOX |
| 63. | White Board Marker Ink | Multi Color | Camlin/Cello | Each |
| 64. | White board Duster | Magnetic Duster for Erasing Marker | Oddy | Each |
| 65. | Sketch Pen | Multi Color | Camlin/Cello | Packet |
| 66. | Steelwriter Marker Pen | White 5mm. for Drawing into Steel and Other Metals | Premium Quality | Each |
| 67. | Finger Sponge Tray with Cap | Plastic & Sponge Design: Round Case | Premium Quality | Each |
| 68. | Cello Tape | Transparent 24 mm Wide | Wonder | Each |
| 69. | Cello Tape | Transparent 48 mm Wide | Wonder | Each |
| 70. | Cello Tape | Transparent 72mm Wide | Wonder | Each |
| 71. | Cello Brown Tape | Brown 24 mm wide | Wonder | Each |
| 72. | Cello Brown Tape | Brown 48 mm wide | Wonder | Each |
| 73. | Cello Brown Tape | Brown 72 mm wide | Wonder | Each |
| 74. | Silicone Tape | Spera 3 Meter Multipurpose Double Sided Tape Heavy Duty (transparent) | Premium Quality | Each |
| 75. | Paper Cutter | Size : 9 mm | Prestige/nataraj | Each |
| 76. | Paper Cutter | Size : 18 mm | Prestige/nataraj | Each |
| 77. | Cutter Blad | Size : 9mm, 18mm Pack of 10 Nos. | Prestige/nataraj | Box |
| 78. | Plastic Dori | Multicolor 250 mtr | Prakash | Each |
| 79. | Scissor | Small–5.5 inch, Weight – 25 Gram | Godrej | Each |
| 80. | Scissor | Medium- 8.3 inch, Weight – 50 Gram | Godrej | Each |
| 81. | Rubber band | Natural rubber band Nylon 2 inch, 3 Inch 500 Gram | Premium Quality | Packet |
| 82. | File Lace | Green / Red Tag no RSM 9/18” & 24” – 100 no. minimum Length 175mm | Premium Quality | Packet |
| 83. | Fevikwik | 5 Gms | Fevikwik | Each |
| 84. | Table Planner | Yearly | Pearl | Each |
| 85. | Push Pins, Thumb Pins, Multicolor | Stainless Steel and hard plastic Durable & Well Made Thumb Pin: (50 Pcs ) | Fuji | Box |
| 86. | Pen Drive | Capacity: 16gb, 32gb, 128gb Interface: 3.0 | Sandisk/HP | Each |
| 87. | Hard Disk | Capacity: 1 TB Interface: 3.0 | Seagate | Each |
| 88. | Hard Disk | Capacity: 2 TB Interface: 3.0 | Seagate | Each |

| | | | | |
|---|---|---|---|---|
| 89. | Calculator | CT 55N - 12 Digits | Citizen | Each |
| 90. | Calculator | MJ 120D - 12 Digits | CASIO | Each |
| 91. | Battery | AA Battery with - 1 Pieces | Duracell | Each |
| 92. | Battery | AAA Battery with - 1 Pieces | Duracell | Each |
| 93. | Mike Battery | 9 Volts, Alkaline Battery | Duracell | Each |
| 94. | Door Lock | Shape: Round 5 LVR with 3 keys | Godrej | Each |
| 95. | Pin Cushion | Storage Capacity 100 pins | Premium Quality | Each |
| 96. | Graph Paper | 100 Sheets A4 Size Inch Graph | Navneet | Packet |
| 97. | Keychain with Sticker | Plastic | Premium Quality | Each |
| 98. | Chalk | Length of Single Chalk Stick (mm): 80mm Color: White | Premium Quality | Box |
| 99. | Chalk Duster | Non magnetic Unbreakable Plastic | Premium Quality | Each |
| 100. | Photo Paper | Package of 50 Nos. | Oddy/Kodak | Packet |
| 101. | Color Paper | 100 Pcs. A4 Size | Premium Quality | Packet |
| 102. | Sticker Sheet | A4 Size Sheet (ST-20, ST-48, ST-16, ST-1) | Oddy/Nova jet | Packet |
| 103. | Plain Security Bags | Size : 12x10 , 14X10 (100 Micron) | Premium Quality | Packet |
| 104. | Copier Paper | Size : A/4, 500 pcs x 1 Rim, 70 gsm | JK PAPER/COPY POWER | Packet |
| 105. | Copier Paper | Size : A/4, 500 pcs x 1 Rim, 75 gsm | JK PAPER/COPY POWER | Packet |
| 106. | Copier Paper | Size : A/4, 500 pcs x 1 Rim, 100 gsm | JK PAPER/COPY POWER | Packet |
| 107. | Copier Paper | Size : A/3, 500 pcs x 1 Rim, 70 gsm | JK PAPER/COPY POWER | Packet |
| 108. | Copier Paper | Size : Legal , 500 pcs x 1 Rim, 70 gsm | JK PAPER/COPY POWER | Packet |
| 109. | Ladger Paper | Size : Legal , 500 pcs x 1 Rim, 80 gsm | JK PAPER/COPY POWER | Packet |
| 110. | Executive Bond Paper | Size : A/4, 500 pcs x 1 Rim, 100 gsm | Premium Quality | Packet |
| 111. | Envelop | Laminated Cover, Size 16 x 12, package of 100 Nos. - Thrade Quoting _ Inside - Flap Gumming Sticker | Premium Quality | Packet |
| 112. | Envelop | Laminated Cover, Size 12 x 10, package of 100 Nos. - Thrade Quoting _ Inside | Premium Quality | Packet |

| | | | | |
|---|---|---|---|---|
| | | - Flap Gumming Sticker | | |
| 113. | White Envelop | Size 11 x 5<br>package of 500 Nos<br>80 gms paper | Premium Quality | Packet |
| 114. | Dustbin | Plastic Without Lid<br>{7 Ltr.} | Cello | Each |
| 115. | Dustbin | Plastic Pedal {12 Ltr.} | Cello | Each |
| 116. | Daftar Bandhan | Cotton White (1 Meter x 1 Meter) | Premium Quality | Each |
| 117. | Name Plate | Acrylic 8” | Premium Quality | Each |
| 118. | Pen stand | Pen Stand (4 Socket) | Premium Quality | Each |
| 119. | Separator | Plastic (1 to 20) | Solo/Keny | 1 Set |
| 120. | Spiral Diary (Pocket) | 70MM X 110 MM | GALA | Each |
| 121. | Conference Pad | Type/Size: 1/8 10 Pages | Gala | Each |
| 122. | Writing Pad | 40 Pages | Gala | Each |
| 123. | Paper Shredder Machine | 20 Sheets Machine for Office with 12.87L Waste Bin | Oddy | Each |
| 124. | Landline Phone | Landline Phone with 16 Digit LCD Display | Beetel | Each |
| 125. | Wired USB Keyboard | Gold Prime Mechanical Wired Keyboard | TVS | Each |
| 126. | Wired USB Mouse | Wired USB Mouse 1000 DPI Optical Tracking, Ambidextrous PC/Mac/Laptop - Black | Logitech | Each |

**પરિશિષ્ટ–૦૫**

# :: બાહેંધરી પત્રક ::

આથી અમો ટેન્ડરર એજન્સી ........................................................ સ્ટેશનરી સપ્લાય કરવાના યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ટેન્ડર પરિશિષ્ટ : ૦૧ થી પરિશિષ્ટ : ૦૪માં સમાવિષ્ટ તમામ શરતો/બોલીઓ/સૂચનાઓ/કરારના નિયમો તમામ મે/અમોએ વાંચેલ છે તેને હું/અમો બરોબર સમજયા છે, તમામ વિગતોથી હું/અમો માહિતીગાર થયા છે અને સ્વિકારીએ છીએ.

હું/અમોને આ કામગીરી કરવા માટે અમારી જવાબદારીઓ અને પૂરી પાડવાની ફરજોની જાણ થયેલ છે અને સ્વિકાર કરીએ છીએ તેમજ તેના ભંગ બદલ યુનિવર્સિટી તરફથી/અન્ય રાહે લેવાનાર પગલાઓ સામે પૂર્તતા કરવા હું/અમો તે ભરપાઈ કરવા બંધાયેલ છીએ. આ સાથે સર્વે બોલીઓ, શરતો અને ટેન્ડરની પધ્ધતિનો કોઈ પણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂણપણે સ્વિકાર કરું છુ/કરીએ છીએ.

સ્થળ : ટેન્ડરરનુ નામ, સહી/કંપનીના સિકકા

તારીખ :

# <u>ટેકનીકલ બીડ અંગેનું ચેકલીસ્ટ</u>

| ક્રમ નં. | વિગત | હા/ના | રીમાર્કસ |
|---|---|---|---|
| 1. | E.M.D ( Rs. 60,000 ) | | |
| 2. | ટેન્ડર ફી ( Rs. 1,500 ) | | |
| 3. | GST અને CST રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ | | |
| 4. | પાન નંબર | | |
| 5. | Shops and Establishment એકટ હેઠળ સ્ટેશનરી – કન્ઝયુમેબલ્સ આઈટમો વેચાણ અને સપ્લાય કરવાના હેડ હેઠળ નોંધાયેલ હોવા અંગેનું લાઈસન્સ/પ્રમાણપત્ર | | |
| 6. | Details of Owner with certified copy of document for * constitution of the Firm/ Company of Tenderer or Bidder (Sole proprietor, partnership/ company / cooperative society) | | |
| 7. | ટેન્ડરરનું છેલ્લા ત્રણ નાણાકીય વર્ષનુ કુલ ટર્ન ઓવર ૨૦,૦૦,૦૦૦/– (વિસ લાખનું) અને તેમાં દરેક નાણાંકીય વર્ષનુ લઘુતમ ટર્ન ઓવર ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખનું) હોવુ ફરજીયાત છે.તેનું સી.એ. સર્ટીફીકેટ | | |
| 8. | ત્રણ વર્ષમાં ગુજરાત સરકાર અથવા કેન્દ્ર સરકારમાં અથવા કોઈ અર્ધ સરકારી કચેરીમાં રૂા. ૧.૦૦ લાખની સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તેવા ત્રણ કામ અથવા ૨.૦૦ લાખની સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તેવા બે કામ અથવા ૩.૦૦ લાખની સ્ટેશનરી સપ્લાય કરેલ હોય તેવું એક કામ કરેલ હોવા જોઈએ. તેનો વર્ક ઓર્ડની નકલ | | |
| 9. | નાણાંકીય રીતે ડિફોલ્ડર નથી, બ્લેક લીસ્ટ થયેલ નથી, પોલીસ કે કોર્ટ રેકર્ડ ઉપર કેસ નથી તે અંગેના બાહેંધરી પત્રક રૂા.૩૦૦/– મૂલ્યના નોન જયુડિશીયલ સ્ટેમ્પ ઉપર આપવાના રહેશે. | | |
| | | | |